તા. ૦૫/૧૧/૨૦૨૦

# નોટિસ

આથી કૉલેજના કોમર્સ, બી.બી.એ., સાયન્સ અને બી.સી.એ. તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, કૉલેજ દ્વારા પ્રતિવર્ષની જેમ વિદ્યાર્થીઓની સરળતા માટે સત્ર ફી સાથે ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા ફી અને ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા ફોર્મ ફી કૉલેજ દ્વારા લેવામાં આવે છે અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરિપત્ર થયેથી તરત જ સદર ફી ગુજરાત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થી દીઠ નિયમ અનુસાર જમા કરાવવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરિપત્ર ક્રમાંક: પરીક્ષા/૪-અ/૮૯૮૨૯/૨૦૨૦ તા. ૦૫/૧૧/૨૦૨૦ ના પરિપત્રથી સૂચિત કરવામાં આવેલ છે કે, *"ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧ માં નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૦ ની ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓએ જો ગત સેમેસ્ટરમાં પરીક્ષા ફી ભરીને મેરિટ બેઝ્ડ પ્રમોશનથી પરિણામ મળેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને સરકારશ્રીના પરિપત્ર મુજબ પરીક્ષા ફી આ સેમેસ્ટરમાં મજરે આપવાની થાય, એટલે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સૂચિત કરેલ પરીક્ષા ફી તથા પ્રેકટિકલ ફી લેવાની રહેતી નથી માત્ર પરીક્ષાના ફોર્મ ફી રૂપિયા રૂ. ૨૫/- તથા જો લેટ ફી કોઇ થવા પામે તો તે ફી લેવાની થાય છે."* આમ, અત્રેની કૉલેજના સેમેસ્ટર-૩ અને ૫ ના જે વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે કૉલેજની સત્ર ફી ની સાથે યુનિવર્સિટી પરીક્ષા ફી ભરેલ છે, તેવા વિદ્યાર્થીઓને આગામી સેમેસ્ટરમાં આ ફી નિયમ અનુસાર મજરે આપવામાં આવશે. જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

આચાર્ય

શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કૉલેજ

મણિનગર, અમદાવાદ.